બાળકો અને
નોજવાનો માટે

# હાદી
માસિક

મહોર્રમ હીજરી ૧૪૩૦
જાન્યુઆરી - ૨૦૦૯

Bustan-e-Zehra Association



રૂા. 30/-

# આશૂરાના દિવસે એક બીજાને આ શબ્દોમાં "શોક સંદેશો" આપવો જોઈએ,

આ-અઝમલ્લાહો ઊજુરના - બે - મુસાબેના - બિલહુસૈન અલ્યહિસ્સલામ- વ - જઅલના - ઈય્યાકુમ મિનત્તાલેબીના - બે - સારેહી મઆ વલીયેહીલ - ઈમામિલ મેહદી (અજ.) મિન આલે મુહમ્મદિન અલ્યહે મુસ્સલામ-

ખુદાવન્દે આલમઈમામ હુસૈન (અ.સ.) માટેના આપણાં શોક અને મુસીબતને કારણે (ના સદકામાં) આપણાં અજ માં અનહદ વધારો કરે. અને અમને ત્યાં તમને તેમના રકતનો બદલો લેનારાઓમાં એટલે મુહમ્મદ (સલ.) ની આલ (અ.સ.) પૈકી ના પોતાના વલી ઈમામ મહદી (અજ.) ની સાથે સામેલ કરે.




## દુઆ એ અરફા

સૈયદુશ્શોહદા - હઝરત ઈમામ હુસૈન (અ.સ.) અરફાતના મેદાનમાં અરફાના દિવસે ખુદાની બારગાહમાં દુઆ ગુજારીને ફરમાવ્યું કે :-

મા-ઝા-વ-જદા-મન-ફકદકા-વ-મલ્લઝી-ફકદા-મન-વજદકા

" એણે શું પ્રાપ્ત કર્યું જેણે તને ખોયો હોય
અને તેણે શું ખોયું જેણે તને પ્રાપ્ત કર્યો હોય."


E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

## વહાલા બાળકો ! સલામુન અલયકુમ

ખુદાવન્દે આલમનો ઘણો આભાર કે તેણે અમારા ઉપર આ ઉપકાર કર્યો અને આપણી પેઢીની ખિદમતની તક આપી.

હઝરતે હુજ્જત અરવાહોના ફિદાહોની અસીમ કૃપાને પરિણામે અમે આજે માસિક ''હાદી'' નો આ બીજો અંક બાળકોની સેવામાં પેશ કરી રહ્યા છીએ.

મહોર્રમ માસ એક એવી નેઅમત છે કે જે માસમાં મજલિસો - જુલુસ - માતમ અને અઝાદારી આપણા જીવનને સજાવવામાં સર્વશ્રેષ્ઠ ભાગ ભજવે છે.

વહાલા બાળકો ! આપણે મહોર્રમ માસમાં એ હરહંમેશ યાદ રાખવું જોઈએ કે જેને કારણે આ મહોર્રમ માસનું મહત્વ સ્થાપિત થયેલ છે તે હુસૈન (અ.સ.) ના આદર્શને ભૂલીએ નહીં. જો આપણે ઈમામ હુસૈનના આદર્શોને યાદ રાખવામાં સફળ રહીશું તો આપણે અને આપણા મિત્રો પણ દીનદાર બની જઈશું.

મહોર્રમમાં આપણા નિશ્ચયોને દઢતા - આપણાં ઈરાદાઓને મજબુતાઈ - આપણા હિંમત ભર્યા કદમોમાં શક્તિ અને આપણા બાહુઓની નિડરતામાં બળ અને બુધ્ધિશાળી દષ્ટિને દિવ્યશક્તિઓ પ્રાપ્ત થાય છે.

દરેક વસ્તુ પોતાનાથી વિરૂધ્ધની વસ્તુથી ઓળખાય છે. અંધકાર છે તો નિશ્ચિત રીતે સવાર પણ પડશે જ. સત્ય છે તો ક્યાંકને ક્યાંક અસત્ય પણ સંતાયેલુ હશે. રાત છે તો દિવસનું અસ્તિત્વ પણ નિશ્ચિત છે. કત્લ કરનારની ઓળખ કત્લ થનારનું લોહી જ કરાવે છે. જાલિમના જુલ્મોની જાહેરાત મઝલૂમના દિલમાંથી નીકળતી આહ વડે જ થાય છે. એવી જ રીતે જગતમાં જ્યાં સુધી હુસૈન (અ.સ.)ની યાદ રહેશે ત્યાં સુધી યઝીદનો પ્રપંચકારી ચહેરો પણ જગતની સામે ખુલ્લો પડતો રહેશે.

આજે દુન્યામાં ન તો યઝીદ છે કે ન તો યઝીદીયતનું ક્યાંય ઠેકાણું છે. પરંતુ હુસૈન (અ.સ.) નું નામજગતના ખુણા ખુણામાં પ્રકાશ રેલાવી રહેલ છે. આ એ મઝલૂમના બલિદાનોનો સદકો છે જે એણે કરબલાના મેદાનમાં ભૂખ અને તરસની પરિસ્થિતિઓમાં પોતાના નાના નાના બાળકોના બલિદાનો વડે આપ્યાં હતાં.

પ્રવચન તો પ્રવચનકર્તાની સાથે સમાપ્ત થઈ જાય છે પરંતુ લખાણ તો દરેક કાળમાં હૃદયના તારોને ઝણઝણાવવાનું એક સર્વશ્રેષ્ઠ માધ્યમ છે, તેથી જ અમે આ ''હાદી માસિક'' ને ઈમામ હુસેન (અ.સ.)ના આદર્શોને વરેલી રીતે પેશ કરવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ.

વહાલા ભૂલકાઓ ! અમે તમારા આભારી છીએ કે તમે આ ''હાદી માસિક'' ના સભ્યપદ નો સ્વીકાર કર્યો અને તે મા-બાપના પણ અમે આભારી છીએ જેમણે પોતાના બાળકોના સભ્યપદના સાધન પૂરા પાડીને પોતાની આખેરતને સફળ બનાવવાની પણ વ્યવસ્થા કરી.

લાખો મુબારકબાદને પાત્ર અને સેંકડો દુઆઓને લાયક એ મા-બાપ છે જે પોતાના બાળકોનો ઉછેર ''સૈયદુશ્શોહદા'' ના ઝિક્રની છત્રછાયામાં કરે છે અને હજારો સલામ એ માતાઓને કે જેમના હાલરડાઓમાં હુસૈનનો ઝિક્ર અને માતમે હુસૈન ના સંદેશા હોય.

રબ્બે કરીમની બારગાહમાં દુઆ ગુજારીએ છીએ કે તે આપણી તવફીકાતમાં વૃધ્ધિ કરે -

આમીન - વસ્સલામ


માનવતાના માર્ગદર્શક
હઝરતે હુજ્જત અરવાહોના ફિદાહ અજ્જલલ્લાહો
તઆલા, ફરજહુશ્શરીફ

ધર્મ પ્રચારક પ્રખરવિદ્વાન કૌમના સંનિષ્ઠ સેવક
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમ રઝા અજમેરી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઇ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
એ.પી. ગ્રાફીક્સ



વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
*Bustan - E- Zehra Association*
Mukhtar Abbas Vasaya
91, Longthornton Road, LONDON, SW16 5QF
Tel. : 0044 - 2082866198 Mo. : 00447828958746
E-mail : movasaya@hotmail.com


વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલ્મિયહ ઇમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત-૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨
E-mail : hadimasik@yahoo.com

# કુર્આનના જ્ઞાનનો ખૂણો

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**

**ઈન્ના અઅતયના કલ કવસર - ફસલ્લે લે રબ્બેકા વનહર - ઈન્ના શાનેઅકા હોવલ અબ્તર -**

**બેશક અમે આપને કવસર અતા ફરમાવ્યું - તેથી આપ પોતાના રબ માટે નમાઝો પઢો અને કુરબાની આપો - ખરેખર આપનો શત્રુ નિઃસંતાન રહેશે.**

**આ કુરઆને મજીદનો સૌથી નાનો સૂરો છે.**

પયગમ્બરે અકરમ(સલ.) ના શત્રુઓ એમ કહેતાં હતાં કે પયગમ્બર (સલ.) ને કોઈ સંતાન નથી. તેથી તેમની હયાતી પછી અમે ઈસ્લામ સહેલાઈથી ખત્મ કરી દઈશું. પરંતુ જ્યારે શેહઝાદી ફાતેમા (સલ.) નો જન્મ થયો ત્યારે અલ્લાહ એ પોતાના રસૂલને આ સૂરામાં એ ખુશખબર સંભળાવી કે અમે તમને કવસર અતા ફર્માવ્યું છે એટલે કે ફાતમાથી આપનો વંશ કયામત સુધી રહેશે અને આપનો શત્રુ સંતાનહીન રહેશે.

એજ કારણે રસૂલ (સલ.) નો વંશ આજે આખાયે જગતમાં પ્રસરેલો છે અને આપણાં ઈમામે ઝમાના (અજ.) પણ રસૂલ (સલ.) ના વંશમાંથી જ છે.

## ભાષાંતર

**ઈન્ના** = બેશક – અમે

**અઅતયના-ક** = આપને દીધું – આપ્યું

**અલ-કવસર** = (જનાબે ફાતેમા) કવસર – ગુણોય ગણાય નહીં તેટલી ભલાઈ

**ફ** = તેથી

**સલ્લે** = નમાઝ પઢો

**લે રબ્બેકા** = પોતાના રબ માટે

**વનહર** = અને કુરબાની આપો

**ઈન્ના** = ખરેખર

**શાને અકા** = આપનો શત્રુ

**હોવલ અબ્તર** = નિઃસંતાન રહેશે.

સૂરએ કવસરથી આપણને એ પણ જાણવા મળે છે કે જ્યારે આપણને કોઈ સારી વસ્તુ કે નેઅમત મળે તો તેનો શુક્ર નમાઝ પઢીને અદા કરવો જોઈએ.



# હદીસોનો ગુલદસ્તો

વ્હાલા બાળકો !

**ઈમામ હુસૈન (અ.સ.) ની કેટલીક હદીસો વાંચો અને બરાબર યાદ કરી લો.**

## ઈમામ હુસૈન (અ.સ.) ફરમાવે છે :-

(૧) સલામમાં સિત્તેર નેકીઓ છે. જેમાંથી એક સલામનો જવાબ આપનાર ને મળે છે. જ્યારે બાકી તમામ(ઓગણ સિત્તેર) નેકીઓ સલામ કરનારને મળે છે.

(૨) જુઠ થી દૂર રહો, કેમકે જુઠ અને ઈમાન બંને એકી સાથે રહી શકતાં નથી.

(૩) કોઈને ભેટ - સોગાત આપવી તે મિત્રતાને મજબૂત કરે છે અને બિરાદરીની ભાવનાને વધારે છે.

(૪) સારા માણસોની બુરી બાબતો સંતાડો (લોકો ને જાહેર ન કરો ) કેમકે અલ્લાહ સારા માણસોનો મદદગાર હોય છે.

(૫) જે કોઈ વ્યક્તિને કોઈ સારી વસ્તુ (નેઅમત) મળે તેણે (અલ્લાહનો) શુક્ર અદા કરવો જોઈએ.

(૬) જે વસ્તુ મળી શકે તેમ જ ન હોય તેની ઝંખના જ ન કરો.

(૭) મનુષ્યની આબરૂ અને ખુશી ગુનાહો થી દૂર રહેવામાં છે.

(૮) તમારો મિત્ર એ જ છે જે તમને ખરાબ કામો થી દૂર રાખે - (રોકે).

(૯) કોઈ જ્યાં સુધી વાતચીત કરતી વખતે સલામથી શરૂઆત ન કરે ત્યાં સુધી તેને જવાબ જ ન આપો.

(૧૦) બીકણ અને પાપી લોકો હમેશાં દુઃખી રહે છે.



# આશૂરાનો દિવસ ?

ઝમાનએ જાહેલિય્યત (ઈસ્લામ પહેલાંનો અરબ જગત)માં "આશૂરા"ના દિવસને ઈદના દિવસ તરીકે ઉજવવામાં આવતો હતો. ઈરાનમાં "નવરોઝની ઈદ"ની વિશિષ્ઠતા છે તેમ લોકો તે દિવસે નવા-નવા વસ્ત્રો પહેરે છે અને એકબીજાને ઘરે મળવા જાય છે તેમ અબૂધ આરબો પણ દસ મહોરમના દિવસને ઈદ તરીકે ઉજવતાં હતાં. આજે પણ એક જમાત એવી છે જેને "યઝીદી" કહેવામાં આવે છે, તે લોકો આ દિવસને ખુશાલીનો દિવસ ગણે છે. રોઝા રાખે છે નવા કપડાં પહેરે છે અને એકબીજાને ત્યાં (ઈદ) મળવા જાય છે.



સને ૬૧ હિજરીમાં કરબલાનો બનાવ બન્યા પછી આરબોનો આ રિવાજ બદલાઈ ગયો - મહોર્રમ કે જે હુરમતવાળા મહીનાઓમાંથી એક છે કે જેમાં કત્લ કરવાની-લોકોનું લોહી રેડવાની સખત મનાઈ છે (હરામ છે) તે મહીનામાં જ હુસૈન-ઈબ્ને-અલી (અ.સ.) ને શહીદ કરવામાં આવ્યા હતા. શીઆઓ માટે આ દિવસ શોક અને દુ:ખની યાદગીરી સજીવ રાખવાનો દિવસ છે.

ઈમામની શહાદત પછી પહેલા વરસેજ ઈમામના ચાહનારાઓ હજારોની સંખ્યામાં ઈમામની કબરની આજુબાજુ એકત્ર થયાં હતાં અને નવહાખાની અને માતમ કર્યો હતો.





બની ઉમૈયા અને યઝીદના શાસનની શરૂઆત થી આજ સુધી એહલેબૈતના લાખો ચાહનારાઓ આશૂરાના દિવસે અઝાદારીની મજલિસો કાયમ કરે છે.

અને જે લોકો કરબલાથી દૂર છે તેઓ પોતાના શહેરોને જ કરબલા બનાવી લે છે. અને અઝાદારીની મજલિસો કાયમ કરે છે.

ઈજિપ્તમાં "ફાતેમી" શાસનમાં આશૂરાના દિવસને ઈમામના માતમનો દિવસ જાહેર કરવામાં હતો અને જનાબે ઉમ્મે કુલસુમની કબર પાસે એકઠા થઈને સ્ત્રી-પુરૂષો ઈમામ હુસૈનની અઝાદારી મનાવતાં હતાં. ઈજીપ્તમાં "ફાતેમી" શાસન કાળમાં આશૂરાના દિવસને સરકારી રીતે અઝાદારીનો દિવસ ઘોષિત કરવામાં આવ્યો હતો.



ઈરાનમાં "મોઈઝઝદદૌલા વયલમી" એ પણ સરકારી ફરમાન બહાર પાડીને આશૂરાના દિવસને જાહેર રજાનો દિવસ ઘોષિત કર્યો હતો જેથી તમામ સરકારી કર્મચારીઓ પોતપોતાના કામછોડી મઝલૂમ ઈમામની અઝાદારી કરી શકે.

અને આ અઝાદારીને કારણે જ ઈરાન-ઈજીપ્ત-ઈરાક-હિન્દુસ્તાન ઉપરાંત બીજા અનેક સ્થળોએ મુસ્લિમોમાં એક વૈચારિક ક્રાંતિએ જન્મ લીધો. આખી દુનિયામાં મુસ્લિમોની તમામ ક્રાંતિઓ આજે આ વૈચારિક ક્રાંતિને કારણે જ છે. આ વૈચારિક ક્રાંતિનો સિલસિલો વધતો જ રહેશે, એટલે સુધી કે લોકો પોતાની સ્વયં સુધારણાં કરી લે. અને પોતાની પાછલી ભૂલોનો પ્રાયશ્ચિત કરી લે જેથી કરી એ દિવસની આશામાં પોતાની પ્રતિષ્ઠા સ્થાપિત કરી દે અને પોતાનામાં એક મહાન શક્તિનો સાક્ષાત્કાર કરે.





બની ઉમૈયા અને યઝીદના શાસનની શરૂઆત થી આજ સુધી એહલેબૈતના લાખો ચાહનારાઓ આશૂરાના દિવસે અઝાદારીની મજલિસો કાયમ કરે છે.

અને જે લોકો કરબલાથી દૂર છે તેઓ પોતાના શહેરોને જ કરબલા બનાવી લે છે. અને અઝાદારીની મજલિસો કાયમ કરે છે.

ઈજિપ્તમાં "ફાતેમી" શાસનમાં આશૂરાના દિવસને ઈમામના માતમનો દિવસ જાહેર કરવામાં હતો અને જનાબે ઉમ્મે કુલસુમની કબર પાસે એકઠા થઈને સ્ત્રી–પુરૂષો ઈમામ હુસૈનની અઝાદારી મનાવતાં હતાં. ઈજીપ્તમાં "ફાતેમી" શાસન કાળમાં આશૂરાના દિવસને સરકારી રીતે અઝાદારીનો દિવસ ઘોષિત કરવામાં આવ્યો હતો.



ઈરાનમાં "મોઈઝઝદદૌલા વયલમી" એ પણ સરકારી ફરમાન બહાર પાડીને આશૂરાના દિવસને જાહેર રજાનો દિવસ ઘોષિત કર્યો હતો જેથી તમામ સરકારી કર્મચારીઓ પોતપોતાના કામછોડી મઝલૂમ ઈમામની અઝાદારી કરી શકે.

અને આ અઝાદારીને કારણે જ ઈરાન–ઈજીપ્ત–ઈરાક–હિન્દુસ્તાન ઉપરાંત બીજા અનેક સ્થળોએ મુસ્લિમોમાં એક વૈચારિક ક્રાંતિએ જન્મ લીધો. આખી દુનિયામાં મુસ્લિમોની તમામ ક્રાંતિઓ આજે આ વૈચારિક ક્રાંતિને કારણે જ છે. આ વૈચારિક ક્રાંતિનો સિલસિલો વધતો જ રહેશે, એટલે સુધી કે લોકો પોતાની સ્વયં સુધારણાં કરી લે. અને પોતાની પાછલી ભૂલોનો પ્રાયશ્ચિત કરી લે જેથી કરી એ દિવસની આશામાં પોતાની પ્રતિષ્ઠા સ્થાપિત કરી દે અને પોતાનામાં એક મહાન શક્તિનો સાક્ષાત્કાર કરે.





# ઈમામ હુસૈન (અ.સ.) ની વીરતા

જગતમાં બહાદુરી માટે રૂસ્તમ પ્રખ્યાત છે. પરંતુ કેટલાંક એવા લોકો પણ છે કે જેમના નામની સામે રૂસ્તમના નામની પણ કોઈ કિંમત નથી. બહાદુરીમાં તો શ્રેષ્ઠતા ઈમામ હુસૈનને જ પ્રાપ્ત થયેલી છે. કેમકે ભુખ્યા પેટે અને તરસ્યા રહીને કરબલાના મેદાનમાં જે વ્યક્તિએ એવી બહાદુરી સાબિત કરી હોય તેના નામ સામે રૂસ્તમનું નામ તો એ વ્યક્તિ જ લઈ શકે જેને ઈતિહાસનું જ્ઞાન જ ન હોય ? કોઈ એવી અલંકૃત ભાષા જ નથી જેના વડે આ બોતેર મહાન વ્યક્તિઓની મર્દાનગી અને શુરવીરતા પણ ૨૦ હજાર લોહી તરસ્યા શામીઓ સામે તેમણે દર્શાવી હતી તે અને તેમનું એક પછી એક શહીદ થવા વિશે યોગ્ય રીતે પ્રશંસા કરી શકે. અને કોની કલ્પના શક્તિમાં એટલી શક્તિ છે કે તે લોકોના દિલની હાલતની કલ્પના પણ કરી શકે કે તે વખતે તેમના ઉપર શું વીતતું હતું. તે પળથી કે જ્યારે ઉમરે સાઅદે તેમને દસ હજાર ઘોડે સવારોના સૈન્ય વડે ઘેરી લીધાં હતાં.

ઈમામ હુસૈન અને તેમના બોંતેર સાથીઓને આઠ પ્રકારના શત્રુઓએ પરેશાન કર્યા હતા. ચારે તરફ તો યઝીદ મલઉનનું દસ હજાર સૈનિકોનું સૈન્ય હતું કે જેઓ ચારે તરફથી વંટોળની જેમ તીર અને ભાલાઓનો વરસાદ વરસતા હતાં. પાંચમો શત્રુ અરબસ્તાનનો તડકો કે જેનો જગતમાં જોટો જ નથી – તેથી જ કહેવાય છે કે અરબસ્તાનનો તડકો તો અરબસ્તાનનો તડકો જ છે !!! અને છઠ્ઠો શત્રુ તે રણપ્રદેશનું મેદાન હતું જે સૂર્યના પ્રખર તાપથી આગ ઓકતું હતું અને તંદૂરની જેમ ગરમ હતું. એને તો પ્રકોપનો દરિયો કહેવો જોઈએ કે જેના પરપોટા “બની ફાતેમા” ના પગના છાલાં બની ગયાં હતાં. અને સૌથી જાલિમ શત્રુ ભૂખ અને તરસ – દગાબાજની જેમ ભૂખ અને તરસથી જીભ ફુલીને ફાટી જતી હતી – જેમણે આ પરિસ્થિતિમાં હજારો કાફરો સાથે લડાઈ કરી છે. બહાદુરી તેમના ઉપર સમાપ્ત થઈ ગયેલી છે.

# મને ઓળખો

ઈમામ હુસૈને પોતાના અંતિમ જિહાદ વખતે “રજઝ” (પોતાની સ્વ પ્રશંસાની સ્વરચિત પંક્તિઓ) ની પંક્તિઓ ફરમાવી હતી. તેમાંથી કેટલીક પંક્તિઓનો અનુવાદ અત્રે રજુ કરવામાં આવે છે.

“હું અલી (અ.સ.) નો સુપુત્ર છું. જે આલે હાશિમમાં સૌથી પવિત્ર વ્યક્તિ છે. અને તે એક જ બાબત મારા ગર્વ માટે પૂરતી છે.”

મારા મહાન નાના જનાબ મુહમ્મદ મુસ્તફા (સલ.) અલ્લાહે પેદા કરેલ સૃષ્ટિમાં સર્વશ્રેષ્ઠ છે અને અમે લોકો જ ધરતી ઉપર અલ્લાહના નૂરના દીવા છીએ.

અલ્લાહની સૃષ્ટિમાં સૌથી મહાન અને સર્વશ્રેષ્ઠ મારા મહાન પિતા અને મારી મહાન માતા છે અને હું તે બેને સર્વશ્રેષ્ઠ મહાન વ્યક્તિઓનો પુત્ર છું.

એ ચાંદી કેટલી શ્રેષ્ઠહોય છે જે શુધ્ધ સોનાથી ચમકાવીને બનાવવામાં આવી હોય, હું તે જ શુધ્ધ કરીને ચમકાવેલી ચાંદી છું. જે બે સોનાઓમાંથી મેળવવામાં (ચમકાવવામાં) આવી છે.

તમે એ તો જણાવો કે જગતમાં મારા નાના જેટલી મહાનતા વાળો અને મારા પિતા જેટલી શ્રેષ્ઠતાવાળો પિતા કોને મળ્યો છે ? હું એટલી મહાન હસ્તીઓની સંતાન છું.

મારા પિતા તો સૂર્યની જેમછે. અને મારી માતા ચંદ્રમાની જેમ છે. અને હું આ બે સૂર્ય અને ચંદ્રમાની સંતાન તારો છું.

હકીકત તો એ છે કે કુરઆન અમારા વિશે ઉતર્યું છે. અમારા વડે જ લોકોને હિદાયત અને અલ્લાહની વહી મળી છે.

અમે “હવઝે કૌસર” ના માલિક છીએ અને અમે અમારા મિત્રોને “કૌસરનું પાણી” “જામે રસૂલ”માં પીવડાવીશું જેનો કોઈ ઈન્કાર નથી કરી શકતું.

અમારા મિત્રો બીજાઓના તમામ મિત્રોથી શ્રેષ્ઠ છે. અમારા શત્રુઓ કયામતના દિવસે સંપૂર્ણપણે નુકશાનમાં રહેવાના છે.

# ઈમામ હુસૈન (અ.સ.) ના જિહાદના હેતુ

વહાલા ભુલકાઓ

શું તમે જાણો છો કે ઈમામ હુસેન (અ.સ.) એ કરબલા આવીને યઝીદી લશ્કર સાથે કેમ યુધ્ધ કર્યું હતું ? તેમણે પોતાના નાના ના વહાલા વતનને કે જ્યાં તેમની વહાલી માતા – ભાઈ હસન અને બીજા ઘણાં વડીલોની કબરો છે તે મદીના શહેરનો ત્યાગ શા માટે કર્યો હતો ?

યાદ રાખો ઈમામહુસૈન (અ.સ.) એ કરબલાની લડાઈ એટલા માટે લડી હતી કે :-

(૧) મુસ્લિમો ઉપર યઝીદી શાસકો જે અત્યાચારો ગુજારી રહ્યા હતા તે ખતમ થઈ જાય અને લોકો ન્યાય અને શાંતિથી જીવન ગુજારે.

(૨) યઝીદી લોકો મુસ્લિમોને અપમાનિત કરી રહ્યાં હતાં તે સંજોગોમાં ઈમામ(અ.સ) ની શહાદતમાંથી બોધપાઠ લઈને લોકો યઝીદી શાસનને સમાપ્ત કરવા માટે આગળ આવે અને યઝીદી શાસનને ખતમ કરીને સમ્માનપૂર્વક જીવન વ્યતિત કરી શકે.

(૩) ઈમામ(અ.સ.) ની શહાદતને દ્દષ્ટિ સમક્ષ રાખીને લોકો હંમેશા અત્યાચાર અને અત્યાચારીઓની સામે અવાજ ઉઠાવીને તેનો વિરોધ કરતાં રહે.

(૪) જે લોકોને એમની ધન દોલત – મકાન – જમીન ઝુંટવી લઈને ગરીબ બનાવી દેવામાં આવ્યાં હતાં તેઓ હિંમત એકઠી કરીને અત્યાચારનો વિરોધ કરે અને પોતાના હકોના રક્ષણ માટે સંઘર્ષ કરે.

(૫) પોતાના નાનાના દીનમાં (ધર્મ–ઈસ્લામ) યઝીદીઓએ જે બુરાઈઓ ઘુસાડી દીધી હતી તેને ખત્મ કરી દે.

(૬) લોકોને પોતાના બાબાની સુન્નત અને શીખ ઉપર ચાલવા માટે તૈયાર કરે.

(૭) સત્ ને ફેલાવવા અને અસત્ ને નષ્ઠ કરવાનો પાકો નિશ્ચય અને સંકલ્પ લોકોના હૃદયોમાં જન્મે.

(૮) યુવાનો દીન ના કામોમાં આગળ વધીને હોંશથી ભાગ લે તે માટે તેમને પ્રેરિત કરવા.

(૯) અલ્લાહના દીન–કુરઆન અને શરીઅતના સંરક્ષણ કાજે.

(૧૦) સત્યને અસત્યથી છુટું પાડી અસત્ય શું છે તે જગજાહેર કરી દેવા ના કાજે.

# બોંતેર શહીદ
## અને બોંતેર વસ્તુઓ

વહાલા બાળકો !

જગતના બનાવોનો અભ્યાસ કરીએ તો જણાશે કે કરબલાના બોંતેર શહીદોની સંખ્યામાં કાંઈ એવું મહત્ત્વ છે કે દુન્યામાં ઘણી વસ્તુઓ બોંતેરની સંખ્યામાં મળી આવે છે. તેમાંથી કેટલીક વાતો અમે તમારા માટે રજુ કરીએ છીએ. આ વાંચીને તમે પોતાના મિત્રોને પણ જરૂર જણાવશો.

**(૧)** **જનાબ નૂહ (અ.સ.)ના પ્રલય પછી આપના સાથીઓની સંખ્યા બોંતેર હતી.**

**(૨)** **જનાબ નૂહ (અ.સ.) ના પ્રલય પછી આપની ઔલાદની ભાષાઓની સંખ્યા પણ બોંતેર હતી.**

**(૩)** **જનાબ યાકૂબ નબી (અ.સ.)ની સાથે બોંતેર વ્યક્તિઓ જ તેમના પુત્ર યુસુફ પાસે ઈજીપ્ત ગયાં હતાં.**

**(૪)** **જનાબ મૂસા (અ.સ.) સાથે તૂરના પર્વત ઉપર જનાર લોકોની સંખ્યા પણ બોંતેર હતી.**

**(૫)** **આપણાં નબી (સલ.)એ ઘણી જગ્યાઓએ પોતાના બોધમાં બોંતેર શહીદોના સવાબના મળવાની વાત કહી છે.**

**(૬)** **અહલેબૈત (અ.સ.)ને ખુદાવંદે આલમના બોંતેર મહાન નામોની જાણકારી હતી જેને “ઈસ્મે આઝમ” કહેવામાં આવે છે.**

**(૭)** **આપણા રસૂલ (સલ.)એ સલવાત પઢનારાઓની ફઝીલતમાં પણ બોંતેર શહીદોનો સવાબ મળવાનો વાયદો કર્યો છે.**

**(૮)** **ઈમામ હુસૈન (અ.સ.)એ કરબલામાં સુબ્હની નમાઝ બોંતેર વ્યક્તિઓ સાથે અદા કરી હતી.**



(૯) એવું પણ કહેવાય છે કે ઈમામ હસન (અ.સ.) ને ઝેર આપવાને કારણે તેમના કાળજાના પણ બોંતેર ટુકડા થઈને નીકળ્યા હતાં.

(૧૦) હઝરત ઈમામ અલી (અ.સ.) ની વિદ્વતાનો અનુભવ કરીને એહલે સુન્નતના બીજા ખલીફાએ બોંતેર પ્રસંગોએ પોતાની અજ્ઞાનતા સ્વીકારી હતી.

(અલબેહરૂલ મસાઈલ - હદાયતુલ અવામ)

(૧૧) કુરઆને મજીદના "સૂરએ આઅલા" અને "સૂરએ ઈકરા" આ બંને સૂરાઓના વાક્યોની સંખ્યા બોંતેર છે.

(૧૨) કુરઆને મજીદના છેલ્લા બે સૂરાઓ (નાસ અને ફલક) ના મૂળાક્ષરોની સંખ્યા પણ બોંતેર છે.

(૧૩) કરબલાના શહીદોની સંખ્યા પણ બોંતેર હોવાનું કહેવાય છે.

વહાલા બાળકો ! એક છેલ્લી વાત પણ તમને જણાવી દઈએ કે કુરઆન મજીદના છેલ્લા બે નાસ અને ફલક નામના સૂરાઓનું તાવીજ બનાવીને આપણાં વહાલા નબી (સલ.) એ ઈમામ હસન (અ.સ.)અને ઈમામ હુસૈન (અ.સ.) ને પહેરાવ્યું હતું તેથી લાગે છે કે આ બે સૂરાઓને ઈમામ હસ્નૈન (અ.સ.) સાથે ખાસ સંબંધ છે.

# અઝાદારીનું મહત્વ

(૧) રસૂલ (સલ.) એ ફરમાવ્યું છે કે : શહાદતે હુસૈન (અ.સ.) થી મોઅમેનીનના હૃદયોમાં એ ગરમી પેદા થઈ ગઈ છે જે કદી ઠંડી નહીં પડે. (જામએ-અહાદીસુ-શ-શીઆ-ભાગ-૧૨ પાનં ૫૫૬)

(૨) ઈમામ રઝા (અ.સ.) એ ફરમાવ્યું છે કે :- જે વ્યક્તિ માટે આશૂરાનો દિવસ શોક-સંતાપનો દિવસ હશે - જગતનો ખુદાવંદ તેના માટે "હશર ના દિવસ" ને ખુશાલીનો દિવસ બનાવી દેશે. (બિહારૂલ અનવાર-ભાગ-૪૪ પાન નં. ૨૮૪)

(૩) ઈમામ રઝા. (અ.સ.) એ ફરમાવ્યું છે કે :- મહોર્રમ માસમાં મારા પિતાજી (હઝરત મૂસા ઈબ્ને જાઅફર અ.સ.) જરાયે હસતા નહોતાં તે શોકગ્રસ્ત રહેતાં. આ માસના દસ દિવસ પસાર થઈ ગયા પછી આશૂરાના દિવસે તો તે પૂરો દિવસ શોકગ્રસ્ત રહીને રૂદન કરતાં રહેતા હતાં. (અમાલી શેખ સદૂક-પાન નં. ૧૧૧)

(૪) ઈમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું છે :- દરેક સવાબના કાર્ય માટે એક પ્રમાણ નક્કી છે પરંતુ અમારા શોકમાં વહાવવામાં આવેલા અશ્રુઓ (કે જેમનો બદલો અનહદ અને બેહિસાબ છે) (જામેઆ અહાદી સુર-શીઆ-ભાગ-૧૨ પાન નં. ૫૫૪)

(૫) ઈમામ રઝા (અ.સ.) એ ફરમાવ્યું છે કે :- ! તમે હુસૈન (અ.સ.) પર એટલું રડશો કે તમારા અશ્રુઓ તમારા ગાલ ઉપર વહેવા લાગે તો જગતનો અલ્લાહ તમે કર્યા હોય તે તમામ ગુન્હાઓ માફ કરી દેશે. ચાહે તે ગુન્હાઓ નાના હોય કે મોટા - ઓછા હોય કે વધારે. (અમાલી-શેખ સદૂક (રહ.) પાન નં. ૧૧)

**આપણે દુઆ કરીએ કે ખુદાવન્દે આલમ આપણને સાચા અને હૃદયપૂર્વકના અઝાદાર બનાવી દે. જેથી કરીને અઝાની ઈબાદતને તેની તમામ જરૂરિયાતો અને શરતો પ્રમાણે અદા કરીએ.**



# બની હાશિમના
# શહીદો



### વ્હાલા બાળકો !

કરબલાના મેદાનમાં આપણાં આકા અને મૌલા હઝરત ઈમામ હુસૈન (અ.સ.) સાથે બોત્તેર શહીદોએ પોતાની કુરબાની આપીને ઈસ્લામને હરહંમેશ જીવિત રહેનાર મઝહબ બનાવી દીધો છે. અને આપણને સત્ય માટે મરી ફીટવા હંમેશા તૈયાર રહેવાનો બોધપાઠ આપ્યો છે.

કરબલાના શહીદોમાં ''બની હાશિમ''ના ૧૮ શહીદોનો પણ સમાવેશ થાય છે. જેઓ આપણાં પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.) ના પિતા જનાબ અબૂતાલિબના સંતાનો છે.

### આવો એમના નામ જાણીને યાદ રાખીએ.

(૧) ઈમામ હુસૈન (અ.સ.) ઈબ્ને ઈમામ અલી (અ.સ.)
(૨) અબ્દુલ્લાહ ઈબ્ને ઈમામ અલી (અ.સ.)
(૩) જાઅફર-અલ-અકબર ઈબ્ને ઈમામ અલી. (અ.સ.)
(૪) ઉસમાન ઈબ્ને ઈમામ અલી (અ.સ.)
(૫) મુહમ્મદ-અલ-અસગર ઈબ્ને ઈમામ અલી (અ.સ.)
(૬) અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમ-બિન-અકીલ
(૭) જાઅફર ઈબ્ને અકીલ
(૮) મુહમ્મદ ઈબ્ને મુસ્લિમ-બિન-અકીલ
(૯) અબ્દુર્રેહમાન-બિન-અકીલ
(૧૦) અબ્દુલ્લાહ-ઈબ્ને અકીલ
(૧૧) મૂસા ઈબ્ને અકીલ
(૧૨) મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લા ઈબ્ને જાઅફરે તૈયાર
(૧૩) ઔન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને જાઅફરે તૈયાર
(૧૪) કાસિમ ઈબ્ને હસને મુજતબા (અ.સ.)
(૧૫) અબ્દ-અલ-અકબર ઈબ્ને હસન
(૧૬) હઝરત અબ્બાસ અલમદારે હુસૈની (અ.સ.)
(૧૭) જનાબ અલી અકબર (અ.સ.)
(૧૮) જનાબ અલી અસગર (અ.સ.)



બાળકો ! આ બની હાશિમના શહીદો છે. આ નામો સિવાય પણ બીજા કેટલાંક નામોનો ઉલ્લેખ મળે છે. તમે આ નામોને બરાબર યાદ કરી લઈને પોતાના મા-બાપને સંભળાવ્યા કરજો.



E-mail : hadimasik@yahoo.com

# ઈમામ હુસૈન (અ.સ.)ની દુઆએ અરફા અને બાળપણના સ્મરણો

વહાલા મિત્રો ! આપણાં આકા અને મૌલા હઝરત ઈમામ હુસૈન (અ.સ.) જ્યારે મદીનાનો ત્યાગ કરીને મક્કા પહોંચ્યા તો ત્યાં તેઓ લગભગ ચાર માસ જેટલા સમય સુધી રહ્યા હતા અને જ્યારે હજનો મહીનો આવી પહોંચ્યો અને હાજીઓના કાફલાઓ આવવા લાગ્યા અને છેવટે જ્યારે "કુરબાનીવાળી ઈદ" કહેવામાં આવે છે તે દિવસને ફક્ત એક દિવસ બાકી રહ્યો અને જ્યારે હાજીઓ હજના તમામ આઅમાલ બજાવી લાવે છે ત્યારે એટલે કે "ઈદે કુરબા" ના એક દિવસ પહેલા જ ઈમામ હુસૈન (અ.સ.)ને એવો અણસાર આવી ગયો કે યઝીદી લોકો હાજીઓના વેશમાં પણ હથિયારોથી સજ્જ થઈને આવ્યા છે. (નોંધ - હજના એહરામ બાંધી લીધા પછી કોઈપણ હથિયાર પોતાની પાસે રાખવું હરામ છે) અને ખાન-એ-કાઅબાની પાસે મારૂં લોહી વહેવડાવીને ખાન-એ-કાઅબાની પવિત્રતાને ભ્રષ્ટ કરી દેતાં પણ તે અચકાશે નહીં.

તેથી આપે પોતાના ગણ્યાં ગાંઠ્યા સાથીઓ અને ઘરવાળાઓને ૯મી ઝિલહજના દિવસે જ મક્કાનો ત્યાગ કરી દેવા તૈયાર થઈ જવાનો હુકમ ફરમાવ્યો.

અસ્રના સમયે આપ મેદાને અરફાતમાં પોતાના તંબૂમાંથી બહાર તશરીફ લાવ્યાં. પોતાના એહલેબેયત સંતાનો અને શીઆ લોકોની એક નાનકડી ટુકડી સાથે પર્વતની ડાબી તરફ ઉભા રહી ગયાં અને હૃદયની સંપૂર્ણ નિખાલસતા અને સચ્ચાઈ સાથે કાઅબા તરફ મુખ કરીને પોતાના બંને હાથ પોતાના ચહેરા સામે ઉપાડીને એક લાંબી દુઆ પઢી હતી તે દુઆ ને "દુઆએ અરફા" કહેવામાં આવે છે. દુઆઓની કિતાબોમાં આ દુઆ હોય છે. આ દુઆના પઢવામાં ઘણો સવાબ છે.

આ દુઆમાં જ હઝરત ઈમામ હુસૈન (અ.સ.) એ પોતાના બાળપણને યાદ કરીને ફરમાવ્યું છે કે :



"હે ખુદા ! હું તારા (મારા) પરવરદિગાર હોવાની સાક્ષી આપું છું. (તને મારા પરવદિગાર તરીકે સ્વીકારૂં છું)..... મારૂં અસ્તિત્વ જ નહોતું ત્યારે તેં મને મારૂં અસ્તિત્વ આપ્યું અને તેં મને માટીથી પેદા કર્યો...... છેવટે તેં મને એવા કાળમાં જન્મ આપ્યો જ્યારે પહેલાંથી તારી હિદાયત આવી ગઈ હતી.... તેં મારા શિશુકાળમાં પારણાંમાં મારૂ રક્ષણ કર્યું અને માના દૂધના સ્વરૂપે મારા માટે સર્વશ્રેષ્ઠ આહાર આપ્યો.... ઉપકાર કરનારા અને પ્રેમાળ લોકો અને મા ને મારા સંરક્ષક બનાવ્યાં.... તેજ મારૂં પાપ અને નુકશાનથી રક્ષણ કર્યું.... તું મહાન છે, હે દયાવાન અને દયાળુ પરવરદિગાર ! જ્યારે મેં વાતચીત કરવા મોઢું ખોલ્યું ત્યારે તેં મને અઢળક નેઅમતોથી નવાજી દીધો.... તેં મને દર વરસો મોટો કરતાં કરતાં ઉછેર્યો એટલે સુધી કે મારૂં સર્જન સંપૂર્ણ થઈ ગયું... જ્યારે તે સર્વશ્રેષ્ઠ માટીથી મને ઉત્પન્ન કર્યો છે ત્યારે એક પછી એક સર્વશ્રેષ્ઠ નેઅમતો મારા શૈશવ કાળમાં મારા ઉછેર માટે આપતો રહ્યો... મેં તારી પાસે જે દુઆ માંગી તે તેં સ્વીકારી. કોઈ વસ્તુ તારી પાસે માંગી તો તે વસ્તુ મને આપી દીધી.... તારી આજ્ઞા પાલનનો મને સંપૂર્ણ બદલો આપ્યો અને તારી શુક્રગુજારી કરવા ઉપર તે તારી નેઅમતોમાં વધારો કરી દીધો. આ બધું જ મારા ઉપર પોતાની નેઅમતો સંપૂર્ણ કરવા અને પોતાનો ઉપકાર મારા ઉપર ખતમ કરવા માટે છે - તું પવિત્ર છે - તું જન્મદાતા છે. કયામતના દિવસે પાછા બોલાવનાર છે"

"હે મારા અલ્લાહ ! હું મારા ઈમાનની હકીકત - શ્રધ્ધાના પાકા વિશ્વાસ - તવહીદ અંગે હૃદયની સંપૂર્ણ નિખાલસતા.... અંતરઆત્માના રહસ્યો - દૃષ્ટિના પ્રકાશના નૂરાની સબંધ (સહિત) સાક્ષી આપું છું કે (સ્વીકાર કરૂં છું કે) સદીઓ અને લાંબા કાળ સુધી જીવિત રહીને હું હંમેશા ચિંતન કરતો રહું અને સતર્કતાથી સતત પ્રયાસ કરતો રહું અને તારી ફક્ત એકાદ નેઅમતનો ઋણ અદા કરૂં તો પણ એ તારી દયા વગર મારા માટે શક્ય નથી.

તારી હમ્દ-અને જે તમામ નબીઓના સિલસિલાને ખત્મ કરનાર છે તે મુહમ્મદ મુસ્તફા (સલ.) ઉપર અલ્લાહનો દુરૂદ હજો. અને તેમની અતિ પવિત્ર અને હૃદયની સંપૂર્ણ નિખાલસતા વાળી "આલ" ઉપર પણ....

વહાલા મિત્રો - ઈમામ(અ.સ.) ની આ દુઆ ઘણી સવિસ્તાર છે. આપણે આ દુઆને પઢતા રહેવું જોઈએ અને સમજવી પણ જોઈએ અને અલ્લાહથી હંમેશા ભલાઈની દુઆ કરતા રહેવું જોઈએ.

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો
અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો
અથવા તો ઉપર જણાવેલ નમૂના મૂજબના રંગ પૂરી શકો છો.
જેથી આખુ ચિત્ર ખુબ જ સુંદર લાગશે.

وَالشَّمْسِ وَضُحٰهَا ﴿١﴾



કસમ છે સુર્યની અને તેના સવારના કિરણોના ફેલાવાની.



E-mail : hadimasik@yahoo.com

# મગજ કસો

## (૧) કરબલાના શહીદોના નામ શોધી કાઢો.

વહાલા બાળકો !
આ નામો ને શોધી કાઢી ને અમે તીરની નિશાની થી અસગર ને જોડી બતાવ્યું છે તે પ્રમાણે તમારા શોધેલા નામો પણ જોડી બતાવો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | બ્બા | સ | હા | હ | સ | ન |
| હુ | સ | અ | લી | બા | બા | ની |
| ર | ફ | ગ | યા | હુ | સૈ | ન |
| એ | ન | ફ | ર | દ | બ | મ |
| અ | બ | બ | મ | ક | સી | બ |
| હ | લ | હ | મ | કા | બી | ન |
| અ | મો | ત | આ | હ | ઓ | મ |

## (૨) ખાલી જગ્યા પૂરી નામ પૂરા કરો.

(૧) હુસૈ___ (૨) ઝય___બ

(૩) અ___બર (૪) અબ્બા___

(૫) ___સીમ (૬) મોહમ્મ___

(૭) અ___ ___ર (૮) ફુ___રા

(૯) કરબ___ (૧૦) શહી___

E-mail : hadimasik@yahoo.com

# મહોર્રમ માસની તારીખ વાર ઘટનાઓ

વ્હાલા બાળકો !

આ ટુંક નિબંધમાં અમે તમને આ મહીનાની કેટલીક ખાસ ઘટનાઓ વિશે જાણકારી આપીશું.

**૧ મહોર્રમ** : (૧) આ દિવસથી મક્કાના કાફરોના અત્યાચારોને કારણે આપણાં રસૂલ ત્રણ વરસ સુધી "શોઅબે અબૂતાલિબ" માં કેદ રહ્યાં હતાં.

(૨) આજના દિવસથી જ ઈમામ હુસૈનના શોકના દિવસો શરૂ થઈ જાય છે અને ઈમામનો શોક પૂરી દુન્યાને ઘેરી લે છે.

(૩) આજના દિવસે ઈમામ હુસૈન (અ.સ.) કરબલાના માર્ગે હતા અને હુરના સૈન્ય સાથે તેમનો ભેટો થયો હતો.

**૨ મહોર્રમ** : આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.) કરબલા આવી પહોંચ્યાં હતાં.

**૩ મહોર્રમ** : (૧) આજના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)એ કૈસ–બિન–મુસહહર નામના પોતાના એક ચાહવાવાળાને પત્ર લઈને કૂફાવાસીઓ પાસે મોકલ્યો હતો.

(૨) આજના દિવસે ઈમામનો શત્રુ ઉમર–બિન–સાઅદ સૈન્ય લઈને ઈમામ હુસૈન (અ.સ.) સાથે યુધ્ધ કરવા કરબલા આવી પહોચ્યો હતો.

**૪ મહોર્રમ** : આજના દિવસે "શરીહ" નામના ઈમામ હુસૈન (અ.સ.)ના દુશ્મન કાઝીએ ઈમામ હુસૈન (અ.સ.) ને કત્લ કરવાનો ફતવો આપ્યો હતો.

**૭–મહોર્રમ** : આજના દિવસે ઈમામ હુસૈન (અ.સ.) ના તંબૂઓમાં પાણી ખત્મ થઈ ગયુ હતું.

**૯–મહોર્રમ** : (૧) આજના દિવસે યઝીદી સૈન્યએ ઈમામ હુસૈન (અ.સ.) અને તેમના સાથીઓના તંબૂઓને ઘેરી લીધાં હતાં.

(૨) આજની રાત્રે શિમર મલઉને હઝરત અબ્બાસ (અ.સ.) અને તેમના ભાઈઓને ઈમામ હુસૈનનો સાથ છોડી દેવા માટે પત્ર મોકલ્યો હતો પરંતુ અબ્બાસ અલમદારે તેને ઘણી ઘૃણાં સાથે ફગાવી દીધો હતો.

(૩) આજે રાત્રે ઈમામ હુસૈન (અ.સ.)એ યઝીદી સૈન્ય પાસે એક રાતનો સમય માંગ્યો હતો અને આ રાત તેમણે ઈબાદતોમાં પસાર કરી હતી.

(૪) આજના દિવસે ઈમામ હુસૈન (અ.સ.)એ પોતાના સાથીઓ સમક્ષ એક લાંબુ પ્રવચન કર્યું હતું જેના અંતે આપના સાથીઓએ પોતાની વફાદારી પ્રગટ કરી હતી.





E-mail : hadimasik@yahoo.com

**૧૦-મહોર્રમ** : (૧) આજનો દિવસ ઈમામ હુસૈન અને તેમના બોંતેર સાથીઓની શહાદતના શોકનો દિવસ છે.

(૨) આજના દિવસે જ યઝીદી સૈન્યે ઈમામહુસેન (અ.સ.)ના તંબૂઓને આગ લગાડી હતી.

(૩) આજના દિવસે જ સને ૬૭ હિજરીમાં ઈમામ(અ.સ.)ના કાતિલ "ઈબ્ને ઝિયાદ"નો વધ કરવામાં આવ્યો હતો.

(૪) આજના દિવસ થી જ આપણા ઈમામ મેંહદી (અજ.) પોતાની લડાઈની શરૂઆત કરશે.

(૫) આજના દિવસે જ ઈમામ હુસૈન (અ.સ.)ની નાની "ઉમ્મે સલમા"ની વફાત થઈ હતી.

**૧૧-મહોર્રમ** : (૧) આજના દિવસે "કરબલાના બંદીઓ" ના કાફલાને કૂફા અને સિરિયા મોકલવામાં આવ્યા હતા.

(૨) આજે રાત્રે "કરબલાના બંદીઓ" કૂફા પહોંચ્યા હતા.

**૧૨-મહોર્રમ** : આજના દિવસે બની અસદના કબીલાવાળાઓએ કરબલાનાં શહીદોને દફન કર્યા હતા.

**૧૩-મહોર્રમ** : (૧) આજના દિવસે કરબલાના બંદીઓને ઈબ્ને ઝિયાદના દરબારમાં હાજર કરવામાં આવ્યા હતા જ્યાં તેમનું ખૂબ અપમાન કરવામાં આવ્યું હતું.

**૨૫-મહોર્રમ** : ઘણા મોટા પ્રમાણમાં રિવાયતો છે તે પ્રમાણે આજનો દિવસ સન ૯૪ અથવા ૯૫ હિજરીમાં ઈમામ સજ્જાદ (અ.સ) ની શહાદતનો દિવસ છે.

**૨૮-મહોર્રમ** : (૧) આજના દિવસે રસૂલે અકરમ(સલ.) અને ઈમામ અલી (અ.સ.) ના એક વયોવૃધ્ધ સહાબી હઝરત હઝીફા બિન યમાનની વફાત થઈ હતી. હઝીફા એ ગણ્યાગાંઠયા લોકોમાંથી એક હતા જેમણે હઝરત (સલ.) ના જનાઝા ઉપર નમાઝ પઢી હતી.

(૨) આજના દિવસે દુશ્મને એહલે બૈત "મોઅતસિમ" ના હુકમથી ઈમામ જવાદ (અ.સ.)ને સન ૨૨૦ હિજરીમાં મદીનાથી બગદાદના કારાવાસમાં મોકલી આપવામાં આવ્યાં હતાં.

(૩) આજના દિવસે "કરબલાના બંદીઓ"ને બઅલબક નામની જગ્યાએ પહોંચાડવામાં આવ્યા હતા જયાં તેમનું ઘણું અપમાન કરવામાં આવ્યું હતું.

**૨૯-મહોર્રમ** : આજના દિવસે "કરબલાના બંદીઓ" ને સિરિયા પહોંચાડી દેવામાં આવ્યા હતા.

**વહાલા બાળકો ! આ બધી જ વાતોને બરાબર યાદ કરી લેજો - અને પોતાના માતા-પિતા, ભાઈ-બહેનો અને મિત્રોને પણ સંભળાવજો.**



# નમાઝ અને
# ઈમામ હુસૈન (અ.સ.)

- જો કુરઆન પોતાના સૌથી મોટા (લાંબા) સૂરામાં કહે છે કે "જે લોકો ગયબ ઉપર ઈમાન રાખે છે અને નમાઝ કાયમ કરે છે" અને તેવી જ રીતે જો કુરઆન પોતાના સૌથી ટુંકા સૂરા સૂરએ  કવસરમાં પણ નમાઝ નો ઉલ્લેખ કરે છે તો :
ઈમામ હુસૈન(અ.સ.)એ નમાઝને કાયમ કરી છે. (હું સાક્ષી છું કે આપે નમાઝ ને કાયમ કરી છે)
- જો કુરઆન ફરમાવે છે કે "રૂકુઅ કરવાવાળાઓ સાથે રૂકુઅ કરો તો :
ઈમામ હુસૈન (અ.સ.) નમાઝને જમાઅતની સાથે અને તે પણ શત્રુઓના ઘેરાવામાં અદા  કરે છે.
- જો કુરઆન પયગમ્બર (સલ.) માટે લડાઈના મેદાનમાં નમાઝ કાયમ કરવાની રીત બતાવે છે તો :
ઈમામે લડાઈના મેદાનમાં ખરેખર નમાઝ કાયમ કરી બતાવી.
- જો કુરઆન નમાઝને એક અલૌકિક શક્તિના સ્ત્રોત તરીકે ઓળખાવે છે એ મોઅમેનીનો ને એના માંથી મદદ મેળવવા આજ્ઞા કરે છે તો :
ઈમામ લડાઈ અને તેની વિટંબણાઓ વચ્ચે પણ નમાઝ થકી જ મદદ માંગે છે.
- જો કુરઆન નમાઝને તેના સમયની શરૂઆતના સમયે જ પઢવાની ભલામણ કરે છે તો :
ઈમામ હુસૈન(અ.સ.)એ પણ આશૂરાના દિવસે ઝોહરની નમાઝ તેની શરૂઆતના સમયે જ અદા કરી હતી.
- જો હઝરત ઈસા ઈકામાએ નમાઝ માટે તેમના શરીરમાં જીવ છે ત્યાં સુધીના સમય માટે નિયુક્ત થાય છે તો :
આપણાં વ્હાલા ઈમામ હુસૈન (અ.સ.)પણ અંતિમ શ્વાસ સુધી નમાઝ સાથે રહ્યાં.


E-mail : hadimasik@yahoo.com

- જો કુરઆન એવા લોકોની પ્રશંસા કરે છે જે વેપારને કારણે નમાઝને ભુલી જતાં નથી તો :
  ઈમામ હુસૈન (અ.સ.)નું તો કહેવું જ શું ! તેઓ તો પોતાના જીવના રક્ષણની ઘડીએ પણ નમાઝને ભુલ્યા નહોતા.
- ઈમામ હુસૈને (અ.સ.) પોતાની બહેન જનાબે ઝયનબ (સ.) ને ફરમાવ્યું હતું કે "હે બહેન ! પોતાની નમાઝોમાં મારા માટે દુઆ કરજો."
- નમાઝ સમાજમાં બધાંની જોતા જાહેરમાં અદા કરવી જોઈએ (તેવો હુકમ છે) જો કે પોતાના તંબૂમાં નમાઝ અદા કરી શક્યાં હોત તેમની નમાઝ કસ્ર હતી તેમ છતાંયે તેમણે જાહેરમાં લોકોની વચ્ચે નમાઝ અદા કરી હતી.
- આશૂરાના દિવસે ઝોહરની નમાઝ વખતે ઈમામની તરફ ૩૦ તીર ફેંકવામાં આવ્યાં હતાં એટલે કે રકુઅ અને સજદાના દરેક વાક્ય દીઠ શત્રુઓ તરફથી એક-એક તીર ફેંકવામાં આવ્યાં હતાં.
- ખરેખર તો નમાઝનું મહત્વ એ હકીકત ઉપરથી જાણી શકાય છે કે ૯મી મહોર્રમના દિવસે જ્યારે હઝરતને શત્રુઓના આક્રમણના સમાચાર આપવામાં આવ્યાં, આપે કેટલીક વાતચીત પછી યુધ્ધને એક દિવસ માટે મોકૂફ રખાવી દીધું હતું. અને આપે ફરમાવ્યું કે "હું નમાઝને મિત્ર ગણું છું"
- ઈમામ હુસૈન (અ.સ.) એ પોતાના શરીરનું ચાળણી થવું સ્વીકાર્યું કે જેથી નમાઝની પવિત્રતા કાયમ રહે. ઈમામના માથાએ ભાલાની અણી ઉપર કુરઆનની તિલાવત કરીને સાબિત કરી દીધું કે ભલે અમારૂં માથું શરીરથી વિખુંટું પાડી દેવામાં આવે પરંતુ અમારા માથા અને હૃદયને કુરઆનથી વિખુટા પાડી શકાશે નહીં.

**વ્હાલા બાળકો ! ઈમામ હુસૈન (અ.સ.) એ હંમેશા નમાઝને પોતાના મિત્ર તરીકે રાખી છે. તેથી આપણે પણ દરરોજ પાંચેય વખતની નમાઝ પઢવી જોઈએ. જેથી આપણા ખુદા અને ઈમામ બંનેને રાજી રાખી શકાય**

# કરબલાના બાળકો



માનવતાના ઈતિહાસમાં આદિકાળથી લઈને આજ પર્યંત સત્ય અને અસત્ય વચ્ચે અનેક યુધ્ધો થયા છે. પરંતુ તે તમામ યુધ્ધોમાં કરબલાના મેદાનમાં થયેલ લડાઈ અનન્ય છે. આ ધર્મયુધ્ધની એક વિશિષ્ટતા એ પણ છે કે આ ધર્મયુધ્ધમાં તલવારો ઉપર વહેતાં રકતે - ભાલાઓ ઉપર છાતીએ - તીરો ઉપર ગળાએ - ખાંડાઓ ઉપર બાહુઓએ અને અત્યાચારી કહેવાતા મુસલમાનો ઉપર એહલેબૈતે રિસાલતના સાચા મિત્રો - સ્ત્રીઓ અને બાળકોએ ફતેહ મેળવી હતી.

તેથી જ આ યુધ્ધમાં અત્યાચારો સહન કરનાર દરેક વ્યક્તિ આજ પર્યંત સન્માનનીય - વિજયી અને દરેક ન્યાયપ્રિય આંખનો તારો છે. જ્યારે અત્યાચારી કયામત સુધી પરાજિત અને માનવતાની દૃષ્ટિમાં તિરસ્કૃત છે.

જાણવા - જોવા અને સમજવા અને બોધપાઠ લેવાની બિના એ છે કે આ ધર્મયુધ્ધમાં માનવતાના રેહબર હઝરત ઈમામ હુસૈન સાથે વફાદાર સાથીઓ - દોસ્તો અને સ્ત્રીઓ સાથે બાળકોએ પણ રંગ રાખ્યો છે.

આવો...કેટલાંક કરબલાઈ બાળકોનો પરિચય મેળવીએ અને તેમનામાંથી બોધ મેળવવાના દૃઢ નિશ્ચય સાથે માનવતાની સેવા કરવાનો સંકલ્પ કરીએ.

(૧) અલી અસગર (અ.સ.) : કરબલાના ધર્મ યુધ્ધના સૌથી પ્રખ્યાત બાળક જનાબ અલી અસગર (અ.સ.) છે. આપના પિતા હઝરત ઈમામ હુસૈન (અ.સ.) અને માતા રૂબાબ હતા, જે પોતાના સમયની એક મહાન સ્ત્રી હતા. આપ કરબલાના મેદાનમાં હુરમુલાના તીરથી જ્યારે શહીદ થયાં હતા ત્યારે માત્ર છ માસના દુધ પીતા બાળક હતા. અલી અસગર (અ.સ.) એ યઝીદી વરૂઓની સામે સસ્મિત વદને શહાદતના શરબતનો પ્યાલો પીધો, તેને કારણે જગતના ઇતિહાસમાં કરબલાવાળાઓ સત્યના માર્ગે હતા તે હકીકત સાબિત થઈ ગઈ હતી.

એક ફ્રેન્ચ કવિએ તો તેમને માસૂમ બાળકોના સમ્રાટ તરીકે સંબોધન કર્યું છે અને જગતને તેમના નામે અમન અને શાંતિની અપીલ કરી છે અને અલી અસગરના નામે તમામ માનવતાને દરેક બાળકના યોગ્ય ઉછેર અને દરેક બાળકને જરૂરી મદદ પૂરી પાડવા તરફ ધ્યાન આકર્ષિત કર્યું છે.

(૨) ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.) : આપ આપણાં પાંચમા ઈમામ છે. આપનો જન્મ મદીના શહેરમાં સન ૫૭ હિજરીમાં થયો હતો. આપના પિતા ચોથા ઈમામ- ઈમામ ઝય્નુલ આબેદીન હતા અને માતા ઈમામ હસન (અ.સ.)ની સુપુત્રી ફાતેમા બિન્તે હસન હતા. કરબલાના યુધ્ધ વખતે આપની વય ૪ વર્ષની હતી. કરબલાના યુધ્ધના તમામ





અત્યાચારો અને યઝીદી સૈન્યની ખુનામરકીને આ નાના બાળકે પોતાની સગી આંખે જોઈ હતી. અનુભવી હતી. તે પછી બીજા બાળકોની સાથે બંદી બનાવી કુફા અને સીરિયાના દરબારો અને બજારોમાં તેમને પણ ફેરવવામાં આવ્યા હતાં. આટલી નાની વયે પણ અને પોતે બંદી અવસ્થામાં હતા તે છતાં પણ આપે ઈબ્ને ઝિયાદના દરબારમાં તે સમયે ખુબ જ નિડરતા અને બહાદુરીપૂર્વક જવાબ આપ્યો હતો. જ્યારે આપના બીમાર પિતાજીને કત્લ કરી દેવાના ઈબ્ને ઝિયાદના હુકમ પ્રત્યે દરબારીઓએ પોતાની સહમતિ પ્રગટ કરી હતી ત્યારે આપે ફરમાવ્યું હતું : "તમારા કરતાં તો ફિરઔન (ઈજીપ્તનો એક સમ્રાટ કે જેણે પોતાના શાસનકાળમાં અસંખ્ય નાના બાળકોને કત્લ કરાવી નાંખ્યા હતા) ના દરબારીઓ સારા હતા કે જેમણે માઅસૂમ નબી હઝરત મૂસાના કત્લથી ફિરઔનને વાર્યો હતો. તે હલાલની ઔલાદ હતા તેથી તેઓ એક માઅસૂમ નબીના કત્લ ઉપર સહમત નહોતા થયાં. અને તમે લોકો હરામનાઓ છો કે એક માસૂમ ઈમામના કત્લ ઉપર રાજી છો."

ઈમામ બાકિર (અ.સ.)ને ૫૭ વર્ષની વયે ઝેર આપીને શહીદ કરવામાં આવ્યાં હતાં. આપે પોતાના પિતા પછી ૨૦ વરસ સુધી ઈમામતની ધૂરા સંભાળી હતી તે સમયગાળામાં આપે અસંખ્ય ઈસ્લામી વિદ્યાઓના પ્રચાર-પ્રસારનું કાર્ય કર્યું હતું.

(૩) અબ્દુલ્લાહ-બિન-મુસ્લિમઃ આપ જનાબ મુસ્લિમની ઔલાદ હતા અને કરબલામાં પણ શરીક હતા. આપ ઘણી નાની વયના હતા. હઝરત અલી અકબર (અ.સ.)ની શહાદતથી ઈમામ હુસૈન (અ.સ.)ના તંબૂઓમાં જે રડારોળ થઈ ગઈ હતી તેની વચ્ચે આપ બહાર આવી ગયાં હતાં. ઉમરો-બિન-સબીહ મલઉને આપના ઉપર તાકીને તીર છોડ્યું જે આપના કપાળ તરફ આવ્યું. આપે પોતાનો હાથ કપાળ ઉપર મૂકી દીધો તો તીર હાથને વીંધીને કપાળમાં પેસી ગયેલ પછી ? એક તીર તેમની છાતીમાં વાગ્યું , તે પછી આપની શહાદત થઈ ગઈ હતી.

(તફસીરે કરબલા - પાન નં. ૩૮૩ ઉપરથી સંક્ષિપ્ત)

(૪) અને (૫) ઔન અને મુહમ્મદ :- આપ બંને ભાઈઓ હઝરત ઝયનબની સંતાન હતા. કરબલાના યુધ્ધમાં બંનેએ મળીને ૪૮ અત્યાચારીઓને જહન્નમમાં પહોંચાડી દીધા હતા. એવો ઉલ્લેખ મળે છે કે "ઝયનબના આ બંને ભુલકાઓ પોતાના મામા (ઈમામ હુસૈન અ.સ.) થી વિદાય લઈને યુધ્ધના મેદાનમાં આવ્યાં હતાં. અને શહાદતનો પ્યાલો પીધો હતો. ઈમામ હુસૈન (અ.સ.) એ આવીને આ સમાચાર પોતાની બહેન ઝયનબને આપ્યાં "હે ઝયનબ ! તારા બંને બાળકોએ (આ દુનિયામાંથી) વિદાય લીધી છે." બીબી ઝયનબે એક ઠંડો શ્વાસ લીધો અને આ વાક્યો ફરમાવ્યાં : "ભાઈ ! મારા માટે તો આ અલ્લાહનો શુક્ર અદા કરવાની વેળા છે કે અલ્લાહે મને એવા દીકરાઓ આપ્યાં જેમણે આપના કાજે પોતાના પ્રાણની આહુતી આપી દીધી. અને મારૂ માથું ગર્વથી ઉંચુ કરી દીધું. પાણી ઉપલબ્ધ નથી તેથી તયમ્મુમ કરૂં છું જેથી શુકરાનાની બે રકઅત નમાઝ અદા કરી શકું"

(તફસીરે કરબલા- પાન ૩૮૬)

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો,**

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે જરૂર મોકલશો.

જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહી !**




સૈયદા કીરદાર ફાતેમા અલમદાર હુસૈન બુખારી, અહમદાબાદ.

## "હાદી" માસિક ના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

**અહમદાબાદઃ** (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬
(૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૭૬૧ ૬૬૮૮૧
(૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪

**ભાવનગર** : મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૯૭૯૬ ૦૪૦૭૨

**મહુવા** : અબ્બાસભાઈ મિઠાણી અગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨

**કાણોદર** : મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧

**ભરૂચ** : જાવેદભાઈ ડોસાણી ફોન : ૯૪૨૮૫ ૮૬૫૧૨

**સેલવાસા** : ગુલામ અબ્બાસભાઈ કરમાણી ફોન : ૯૮૨૫૯ ૯૯૯૭૮

**ધોળકા** : (૧)કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી સાહબ

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**




# અમારા પ્રશ્નો તમારા જવાબો

**વહાલા બાળકો !**

આ પ્રશ્નોના જવાબ લખીને તમારા સામયિક "હાદી" માસિક ના સરનામે અવશ્ય મોકલશો. આવતા અંકમાં સાચા જવાબો આપનાર બાળકોના નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.

પ્રશ્ન ૧ : હઝરત ઈમામ હુસૈન (અ.સ.) ક્યા શહેરમાં શહીદ થયાં હતાં ?

(અ) કૂફા (બ) કરબલા (ક) મદીના (ડ) નજફ

પ્રશ્ન ૨ : કરબલાના સૌથી નાના મુજાહિદનું નામ-

(અ) અલી અકબર (બ) કાસિમ (ક) અબ્બાસ (ડ) અસગર

પ્રશ્ન ૩ : કરબલામાં ઈમામ હુસૈન (અ.સ.)નું માથું કોણે વાઢી લીધું હતું ?

(અ) શિમ્ર (બ) ઉમર સાઅદ (ક) યઝીદ (ડ) ખૂલી

પ્રશ્ન ૪ : કરબલાના સૌથી વયોવૃધ્ધ શહીદનું નામ- જે આપના બાળગોઠિયા પણ હતાં ?

(અ) ઈમામ હુસૈન (અ.સ.) (બ) હબીબ ઈબ્ને મઝાહિર (ક) વહબેકલ્બી (ડ)જોન

પ્રશ્ન ૫ : મહોર્રમની કઈ તારીખથી ઈમામના તંબૂઓમાં પાણીનો જથ્થો ખલાસ થઈ ગયો હતો.

(અ) ચાર મહોર્રમ (બ) ત્રણ મહોર્રમ (ક) સાત મહોર્રમ (ડ) પાંચ મહોર્રમ

પ્રશ્ન ૬ : કરબલામાં કેટલા ઈમામોની ઉપસ્થિતિ હતી ?

(અ) ૩ (બ) ૨ (જ) ૪ (ડ)૧

પ્રશ્ન ૭ : કરબલામાં ક્યા ઈમામ બીમાર હતા ?

(અ) ઈમામ મુહમ્મદ બાકિર (અ.સ.) (બ) ઈમામ સજ્જાદ (અ.સ.)

(ક) ઈમામ હુસૈન (અ.સ.) (ડ) ઈમામ કાઝિમ (અ.સ.)

પ્રશ્ન ૮ : કરબલાના શહીદોની સંખ્યા

(અ) ૮૦ (બ) ૭૩ (ક) ૭૨ (ડ) ૭૧

પ્રશ્ન ૯ : ઈમામ હુસૈન (અ.સ.) એ કોને પોતાની મદદ માટે પત્ર લખ્યો હતો ?

(અ) હુર (બ) જોન (ક) હબીબ ઈબ્ને મઝાહિર (ડ) વહબે કલ્બી



# ઝિયારતે આશૂરા અને તેના ફાયદાઓ




## વહાલા મિત્રો !

આપણા છઠ્ઠા ઈમામ હઝરત જાફરે સાદિક (અ.સ.) એ પોતાના એક સહાબીને "ઝિયારતે આશૂરા"ની તાલીમ ફરમાવી હતી અને એવું પણ ફરમાવ્યું હતું કે "ઝિયારતે આશૂરા" મારા પૂર્વજો પાસેથી મેં લીધી છે.

આ ઝિયારતને મૌલા અલી (અ.સ.) ને આપણાં વહાલા નબી (સલ.) એ અને આપણા વહાલા નબી (સલ.)ને જગતના પરવરદિગાર પાસેથી લાવીને "વહીના ફરિશ્તા જનાબ જિબ્રઈલ" (અ.સ.) એ બ્યાન ફરમાવી હતી અને કહ્યું હતું કે "જગતના ખુદાવંદ એ વાયદો કર્યો છે અને વિશ્વાસ આપ્યો છે કે જે વ્યક્તિ આ ઝિયારતને ઈમામ હુસૈન (અ.સ.)ના રોજાની નજીક થી કે દૂરથી પણ પઢશે અને તે જે દુઆ કરશે હું તેની ઝિયારત અને દુઆ કબૂલ કરીશ અને તેને "શફાઅત" ની નેઅમત ઈનામ તરીકે આપીશ અને તેની હાજતો હરહંમેશ પૂર્ણ કરીશ, તેને જન્નતમાં પ્રવેશ આપીશ અને જહન્નમ ની આગથી દૂર રાખીશ. પરંતુ એહલે બયતના શત્રુઓ જો તેઓ આ ઝિયારત પઢશે તો પણ તેનાથી કોઈ ફાયદો નહીં થાય."

તે પછી જિબ્રઈલ (અ.સ.) એ એવું પણ કહ્યું કે "હે અમારા વહાલા નબી ! (અલ્લાહે) મને - આપને, આપની આલને અને (આપના) ચાહવાવાળાઓને હંમેશા ખુશ રાખવા માટેઆ ઝિયારત આપીને મોકલ્યો છે."

સફવાન ફરમાવે છે કે ઈમામ સાદિક (અ.સ.) એ આ ઝિયારતના ફઝાઈલ બ્યાન ફરમાવીને મને કહ્યું હતું કે "જયારે પણ કોઈ હાજત કે જરૂરિયાત હોય તો આ ઝિયારત પઢવી અને પોતાની હાજત માંગવી. જગતનો ખુદાવંદ તમારી હાજત પૂરી કરશે. (મિસ્બાહ-શેખ તૂસી-બિહારૂલ અનવાર ભા. ૯૮ પેજ ૩૦૦)"




વહાલા મિત્રો - મફાતીહુલજિનાન - ઝિયારતોની કિતાબો અને તોહફતુલ અવામ વિગેરેમાં આ ઝિયારત લખેલ છે. આપણે હંમેશા તેને પઢતાં રહેવું જોઈએ તેના ઘણા ફાયદાઓ છે.



E-mail : hadimasik@yahoo.com



**(૧) દૃષ્ટિ પાછી આવી :** એક ધર્મગુરૂ બ્યાન ફરમાવે છે કે એક વખત બળી જવાને કારણે મારી આંખોમાં સોજો આવી ગયો હતો અને મારી દષ્ટિ ચાલી ગઈ હતી. તે દિવસો દરમ્યાન હું પુસ્તકો લખવાના અને તેના પ્રુફરીડિંગનું કામ કરતો હતો તે કામ કરવું મારા માટે ફરજિયાત હતું. હું વ્યાકૂળ થઈ ગયો હતો કે શું કરૂં. છેવટે મેં ઝિયારતે આશૂરા પઢવી શરૂ કરી, થોડા દિવસો સતત પઢતા રહ્યા પછી મને લાગ્યું કે મારી દષ્ટિ પાછી આવી ગઈ છે. મેં પુસ્તક ઉપાડીને વાંચવાનું શરૂ કર્યું તો મને ખાત્રી થઈ ગઈ કે ખુદાના ફઝલો-કરમ અને ઝિયારતે આશૂરાની બરકતથી મારી દષ્ટિ પાછી આવી ગઈ છે.

**(૨) બીમાર સાજો થઈ ગયો :** સૈયદ ઝૈનુલ આબેદીન નામના એક ધર્મગુરૂ ફરમાવે છે કે તેમનો એક સગો ખૂબ બીમાર પડી ગયો હતો. ઘણો ઈલાજ કરાવ્યો પરંતુ દરેક જગ્યાએથી નિરાશા જ સાંપડી - છેવટે મેં બધા ઘરવાળાઓને ખુલ્લા આકાશ નીચે ઝિયારતે આશૂરા પઢીને દુઆ કરવા કહ્યું. જેની બરકતથી થોડાક કલાકોમાંજ બીમાર વ્યક્તિ પોતાના ઓરડામાંથી બહાર આવી ગયો અને એને કહ્યું કે ખુદાવંદે આલમે ઝિયારતે આશૂરાની બરકતથી તેને સાજો કરી દીધો છે. બધા જ સગાવહાલાઓને આ સારા સમાચાર આપી દો.

**(૩) ગેબથી રોજી :** એક ધર્મગુરૂ પાસે એક દરિદ્ર વ્યક્તિ આવ્યો અને પોતાની ગરીબીની મુશ્કેલી વર્ણવી. ત્યારે તે ધર્મગુરૂએ તેને ઝિયારતે આશૂરા પઢવા માટે કહ્યું. એવું પણ કહ્યું કે "હૃદયની નિખાલસતા અને આ ઝિયારત પઢવાની તમામ શરતો મુજબ તમે આ ઝિયારત પઢો અને તે પછી પણ તને રોજી પ્રાપ્ત ન થાય તો મારી પાસે આવજો અને પોતાની જરૂરિયાત મુજબનું લઈ જજો." તે વ્યક્તિ ચાલ્યો ગયો અને ઝિયારતે આશૂરા પઢવી શરૂ કરી.

તે દરિદ્ર વ્યક્તિ જ જણાવે છે કે "હજી હું ઝિયારતે આશૂરા પઢી જ રહ્યો હતો કે એક વ્યક્તિએ આવીને પૈસા ભરેલી એક થેલી આપી જેનાથી મારી રોજીના દરવાજા મારા માટે ઉઘડી ગયાં."





E-mail : hadimasik@yahoo.com

# પત્રાવલી



સલામુન અલયકુમ

...

વસ્સલામ

વજીહા રિઝવી, અહમદાબાદ.



સલામુન અલયકુમ

...

સૈયદ મો.રઝા, અહમદાબાદ.



સલામુન અલયકુમ

...

સૈયદ વસીમ રઝા આબીદહુસૈન રિઝવી, અહમદાબાદ.

**વ્હાલા બાળકો,**

**તમને તમારી આ "હાદી" માસિક કેવી લાગી ?**

**તો હવે તમે અમને લખી મોકલો.**

**આપનો ફોટો મોકલવાનો ભુલશો નહી !**

**અમે આપનો પત્ર ફોટા સાથે છાપીશું.**







• પબ્લીશર્સ •

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડનપાર્ક, વટવા, અમદાવાદ. (ગુજ.) ભારત- ૩૮૨૪૪૦.

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

**E-mail : hadimasik@yahoo.com**

Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474

